For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in

ગુજરાતમાં ત્રણ વરસાદી સિસ્ટમ સક્રિય

# સુરતના અનેક વિસ્તારોને વરસાદ ભીંજવી ગયો

**સુરત** સહિત દક્ષિણ ગુજરાતમાં તોફાની વરસાદની આગાહી

સુરતઃ હવામાન વિભાગ દ્વારા રાજ્યમાં આગામી છ દિવસ સુધી વંટોળિયા પવન સાથે તોફાની વરસાદની આગાહી કરવામાં આવતા સુરત સહિત દક્ષિણ ગુજરાતના વાતાવરણમાં બદલાવ જોવા મળ્યો હતો. આગાહીના પગલે આજે વહેલી સવારે શહેર તથા જિલ્લાના વિવિધ વિસ્તારોમાં છુટાછવાયા વરસાદી ઝાપટાં પડતાં વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી.

સુરત શહેરમાં આજે મહત્તમ તાપમાન આંશિક વધીને ૩૫.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે લઘુત્તમ તાપમાન પણ વધીને ૨૮.૭ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચ્યું હતું. શહેરમાં હવામાં ૬૬ ટકા ભેજ નોંધાયો હતો અને પશ્ચિમ-દક્ષિણ-પશ્ચિમ દિશાથી આશરે ૧૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન ફૂંકાયો હતો. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યમાં હાલ વેસ્ટર્ન ડિસ્ટર્બન્સ, સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન એમ ત્રણ અલગ અલગ વરસાદી સિસ્ટમ એકસાથે સક્રિય

...અનુસંધાન પાના 5 પર



### માછીમારોને દરિયો ન ખેડવાની સૂચના

હવામાન વિભાગની ચેતવણીને પગલે તંત્ર દ્વારા માછીમારોને આગામી બે દિવસ સુધી દરિયો ન ખેડવાની કડક સૂચના આપવામાં આવી છે. અરબી સમુદ્રમાં હવામાન ઉગ્ર બનવાની શક્યતા વચ્ચે દરિયામાં ઊંચા મોજાં અને તેજ પવન ફૂંકાવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. તંત્ર દ્વારા માછીમારોને સુરક્ષાને પ્રાથમિકતા આપીને દરિયાકિનારે જ રહેવા તેમજ તમામ બોટ અને માછીમારી પ્રવૃત્તિઓ તાત્કાલિક સ્થગિત રાખવા સૂચના અપાઈ છે.



### વલસાડમાં મોર્નિંગવોક પર નીકળેલા લોકોમાં દોડધામ

**વલસાડ.** વલસાડ સહિત જિલ્લાના કેટલાક વિસ્તારોમાં આજે વહેલી સવારે વાતાવરણમાં અચાનક પલટો આવ્યો હતો. સવારના સમયે આકાશ કાળાડિબાંગ વાદળોથી ઘેરાઈ ગયું હતું અને જોતજોતામાં જોરદાર વરસાદી ઝાપટું પડ્યું હતું. લાંબા સમયના અસહ્ય ઉકળાટ બાદ અચાનક પડેલા આ વરસાદી ઝાપટાને કારણે મોર્નિંગ વોક પર નીકળેલા લોકો અને વહેલી સવારના મુસાફરો અટવાઈ ગયા હતા.

### વાપીમાં મળસ્કે ઝાપટાં પડ્યા

વાપી તથા આસપાસના વિસ્તારોમાં મળસ્કે વરસાદી ઝાપટાઓ પડયા હતાં. અત્રે નોંધનીય છે કે, છેલ્લા કેટલાક સમયથી વાતાવરણમાં પલટો આવી રહ્યો છે. જેમાં થોડા સમય પહેલા જ વરસાદ ઝરમર થયો હતો. ત્યારબાદ રવિવારે મળસ્કે ફરીથી જોરદાર વરસાદી ઝાપટાઓ પડયા હતાં. વરસાદને પગલે ગરમીથી થોડે અંશે રાહત મળી હતી. જો કે, દિવસ દરમિયાન વાતાવરણ ચોખ્ખુ રહેતા ફરીથી ઉકળાટ લોકોએ અનુભવ્યો હતો.

રાત્રે લારી બંધ કરાવતી પોલીસને આવા લુખ્ખા દેખાતા નથી?

# મર્સિડીઝ ઉડાવી ઉદ્યોગપતિના પરિવારની હત્યાનો પ્રયાસ

**ઉન** સનાબીલ પાસે ઓવરટેકિંગ મામલે બોલાચાલી થઇ હતી

**ઉદ્યોગપતિની** પત્ની અને દોઢ વર્ષની પુત્રી સાથે હોવાથી ત્યાંથી નીકળી ગયા

**નસેડીઓએ** કારનો પીછો કરી ભેસ્તાન ચાર રસ્તા પાસે બે વખત ટક્કર મારી



સુરતઃ અડાજણના ટેક્સટાઈલના ઉદ્યોગપતિ શનિવારે મોડી રાત્રે લાજપોરની હોટેલમાં જમી પરિવાર સાથે ઘરે જવા નીકળ્યા હતા. આ દરમિયાન ઉન પાસે એક નંબર પ્લેટ વગરની વર્ના કાર ચાલક સાથે કાર ઓવરટેકિંગ બાબતે બોલાચાલી થઈ

...અનુસંધાન પાના 5 પર

### પકડાયેલા આરોપી







(1) અક્રમ અજીજ શેખ (ઉ.વ. ૩૧, રહે. ગુલશનનગર, ઉન-ભેસ્તાન)
(2) મોહંમદ નવાઝ ઉમર મેમણ (ઉ.વ. ૨૩, રહે. રાહત સોસાયટી, ઉન-ભેસ્તાન, મૂળ વેરાવળ-સોમનાથ)
(3) સોયેબ રસુલ શાહ (ઉ.વ. ૨૪, રહે. ભીંડીબજાર, ઉન-ભેસ્તાન)



કેરસી બારીયા

### ગણદેવી બીલીમોરામાં અમી છાંટણા

બીલીમોરા : બીલીમોરા ગણદેવી અમલસાડ અને આજુ બાજુ ના ગામો માં રવિવારે વહેલી અમીછાંટણા થયા હતાં. હાલ કેરીની સિઝન અંતિમ તબ્બકા મા ચાલી રહી હોવાથી આંબાવાડીઓમાં કેરી તેમજ ઉનાળુ ડાંગર લણણીનું કામ જોરશોરથી ચાલી રહ્યું છે. અચાનક વરસાદી ઝાપટાં શરૂ થતાં ખેડૂતો અને મજૂરોમાં કેરી, ડાંગરના પાકને સુરક્ષિત રાખવા માટે દોડધામ મચી ગઈ હતી.



### ખેરગામમાં અડધો કલાક કમોસમી વરસાદ

ખેરગામ : હવામાન વિભાગની આગાહી વચ્ચે રવિવારની સવારના સમયે અચાનક વાદળછાયા વાતાવરણ વચ્ચે અડધો કલાકના અણધાર્યા કમોસમી વરસાદના પગલે સમગ્ર ખેરગામ સહિત તાલુકામાં ગરમીમાંથી રહાત મળી છે. વરસાદના કારણે આંબા પર બચેલા બાકીના કેરીના પાકને મોટું નુકસાન થવાની ભીતિ સેવાઈ રહી છે.

# સાપુતારામાં બોટિંગ માટે કતાર લાગે છે

**ગિરિમથક** સાપુતારા પ્રવાસીઓથી ઉભરાયું

સાપુતારાઃ ગુજરાતના એકમાત્ર ગિરિમથક સાપુતારા ખાતે હાલમાં પ્રવાસીઓની ભારે ભીડ જોવા મળી રહી છે. વેકેશન અને તેમાં પણ રવિવારની રજાનો આનંદ માણવા માટે મહારાષ્ટ્ર અને ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં પ્રવાસીઓ સાપુતારાના આહ્લાદક વાતાવરણનો લહાવો લેવા ઉમટી પડ્યા છે. જેને પગલે સ્થાનિક બજારો, હોટલો અને તમામ પર્યટન સ્થળો પ્રવાસીઓથી ઉભરાઈ ગયા છે. ઘોડેસવારી, ઊંટ સવારી, બાઈસીકલ પ્રવાસ, પેરાગ્લાઈડિંગ, રોપ-વે ડાંગ જિલ્લાના આ મનોહર હિલ સ્ટેશનમાં પ્રકૃતિની સુંદરતાની સાથે-સાથે વિવિધ મનોરંજક પ્રવૃત્તિઓ પ્રવાસીઓ માટે મુખ્ય આકર્ષણનું કેન્દ્ર બની છે. સાપુતારાના પ્રખ્યાત તળાવમાં નૌકાવિહાર (બોટિંગ) કરવા માટે પ્રવાસીઓની લાંબી કતારો જોવા મળી રહી છે, જ્યાં લોકો શાંત પાણીમાં નૌકા વિહારની મજા માણી રહ્યા છે. આ ઉપરાંત, રોમાંચના શોખીનો માટે અહીં વિવિધ પ્રકારની એડવેન્ચર એક્ટિવિટીઝ પણ ઉપલબ્ધ છે, જેમાં યુવાનો અને બાળકો ઉત્સાહભેર ભાગ લઈ રહ્યા છે. સાપુતારાના સનસેટ પોઈન્ટ અને ગવર્નર હિલ જેવા વિસ્તારોમાં ઘોડેસવારી અને ઊંટ સવારીનો



ગિરીશ ભોયે

...અનુસંધાન પાના 5 પર

શહેરને કૂતરાંના ત્રાસમાંથી મુક્ત કરવાનું કામ જેના માથે છે ત્યાં જ 'ઘરઆંગણે' કૂતરાંના ધામા

# મનપાની મુખ્ય કચેરીમાં રખડતાં કૂતરાઓનું સામ્રાજ્ય યથાવત્





**સુપ્રીમ** કોર્ટના આદેશોનું સરેઆમ ઉલ્લંઘન

મનપામાં આવતા અરજદારો પર જોખમ



સુરતઃ સ્માર્ટ સિટી ગણાતા સુરત મનપાની મુખ્ય વહીવટી કચેરી 'તાપી ભવન' પરિસરમાં જ રખડતાં કૂતરાઓનું સામ્રાજ્ય જોવા મળી રહ્યું છે. આ કચેરી એ જ હાઈપ્રોફાઈલ સ્થળ છે જ્યાં શહેરના પ્રથમ નાગરિક એવા મેયર, મ્યુનિસિપલ કમિશનર, ડેપ્યુટી કમિશનરો સહિતના ઉચ્ચ હોદ્દો ધરાવતા તમામ સનદી અધિકારીઓ અને પદાધિકારીઓ દૈનિક ધોરણે બેસે છે અને સમગ્ર શહેરની વ્યવસ્થાનું સંચાલન કરે છે. આશ્ચર્યની વાત એ છે કે, સુપ્રીમ કોર્ટ દ્વારા શૈક્ષણિક સંસ્થાઓ, સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ અને સરકારી કચેરીઓના પરિસરમાંથી રખડતા શ્વાનોને તાકીદે હટાવવા માટેના કડક આદેશો આપવામાં આવ્યા છે, તેમ છતાં સુરત મનપાના નાકની નીચે જ કોર્ટના આદેશોના ધજાગરા ઉડી રહ્યા છે. રોજબરોજ હજારોની સંખ્યામાં સામાન્ય નાગરિકો પોતાના વહીવટી કામો અર્થે આ મુખ્ય મથકે આવતા હોય છે, પરંતુ કચેરીના લોબી, કમ્પાઉન્ડ અને દાદર સુધી રખડતા કૂતરાઓનો જમાવડો જોઈને અરજદારોમાં સતત ભય અને ફફડાટનો માહોલ જોવા મળી રહ્યો છે. જ્યારે ખુદ મ્યુનિસિપલ કોર્પોરેશનની મુખ્ય બિલ્ડિંગની જ આવી બદતર અને લાચાર સ્થિતિ હોય, ત્યારે શહેરના સામાન્ય વિસ્તારો, શેરીઓ અને જાહેર માર્ગો પર સામાન્ય જનતા રખડતા શ્વાનોના ભરોસે કઈ હદે જીવતી હશે તે એક મોટો સવાલ છે. છેલ્લા કેટલાક સમયથી સુરત શહેરના વિવિધ જાહેર સ્થળો, બગીચાઓ અને રહેણાંક વિસ્તારોમાં

...અનુસંધાન પાના 5 પર

## મહિલા રૂમ બંધ કરીને મોબાઈલમાં એટલી વ્યસ્ત થઈ ગઈ કે દરવાજો તોડીને બહાર કાઢવી પડી

સુરતઃ સુરતના રાંદેર-મોરાભાગળ વિસ્તારમાં આવેલી એક સોસાયટીમાં રવિવારે સવારે પત્નીએ અંદરથી રૂમનો દરવાજો બંધ કરીને કોઈ જવાબ ન આપતા ગભરાયેલા પતિએ છેક ફાયર બ્રિગેડને બોલાવવી પડી હતી. મોરાભાગળ ખાતે ઉગત-ભેંસાણ રોડ પર આવેલા વીર સાવરકર હાઈટ્સના કાવેરી બિલ્ડિંગમાં તેમના 40 વર્ષીય પત્ની દિવ્યાબેન રવિવારે સવારે પોતાના રૂમમાં ગયા બાદ અંદરથી દરવાજો લોક કરીને મોબાઈલ ફોન જોવામાં મશગુલ થઈ ગયા હતા. આ દરમિયાન બહાર હાજર તેમના પતિએ કોઈ કામ અર્થે રૂમનો દરવાજો ખખડાવ્યો હતો. દિવ્યાબેન ફોન જોવામાં એટલા તલ્લીન હતા કે તેમણે દરવાજો ખોલ્યો ન હતો અને લાંબા સમય સુધી અંદરથી કોઈ પ્રત્યુત્તર પણ આપ્યો ન હતો.

પતિ દ્વારા વારંવાર દરવાજો ખખડાવવા છતાં અંદરથી કોઈ

...અનુસંધાન પાના 5 પર

રમેશ જુનેજાની બોગસ સહી મામલો

# પીએમઓ સુધી પહોંચી શિવશક્તિ ડેવલપર્સમાં બોગસ સહીની ફરિયાદ

**ફરિયાદી** અને તેમની પત્નીની સહી ન હોવાનો હસ્તાક્ષર નિષ્ણાંતોનો મત

**ફોરેન્સિક** રિપોર્ટ છતાં FIR નહીં નોંધાતા લોકનાથ ગંભીરનો પોલીસ, ક્રાઈમ બ્રાંચ પર પણ આક્ષેપ

સુરતઃ શિવશક્તિ ડેવલપરની ખોટી સહી અને બોગસ દસ્તાવેજી મામલે પોલીસ દ્વારા FIR નોંધવામાં ન આવતાં લોકનાથ ગંભીરે સીધી ભારતના પ્રધાનમંત્રી કાર્યાલય (PMO) સુધી રજૂઆત કરી છે. તેમણે આક્ષેપ કર્યો છે કે સ્પષ્ટ ફોરેન્સિક પુરાવા હોવા છતાં પોલીસ કે ક્રાઈમ બ્રાંચ દ્વારા કોઈ કાર્યવાહી કરવામાં આવી રહી નથી.

લોકનાથ ગંભીરે તા. 18 એપ્રિલ 2026ના રોજ પોલીસ કમિશનર ને ફરિયાદ નોંધાવવા માટે અરજી કરી હતી ફરિયાદ સંદર્ભે કરેલી અરજીમાં રજિસ્ટ્રાર ઓફ ફર્મ સમક્ષ ખોટી માહિતી અને બનાવટી સહી સાથે અરજી રજૂ કરવાના ગંભીર આક્ષેપ કરવામાં આવ્યા હતા. ફરિયાદમાં રમેશ જુનેજાને મુખ્ય આરોપી તરીકે દર્શાવવામાં આવ્યા છે. તેમની સામે ખોટા નિવેદન અને બનાવટી સહી સાથે અરજી રજૂ કરવાનો આરોપ છે. સાથે જ નમન જુનેજા અને નરેન્દ્રસીંગ સામે ખોટી વિગતોને સાચી હોવાનું સાક્ષી તરીકે સમર્થન આપ્યાનો આક્ષેપ કરવામાં આવ્યો છે. લોકનાથ ગંભીર અનુસાર, તેમની અને તેમની પત્નીની સહીનો દુરુપયોગ કરીને સત્તાવાર દસ્તાવેજોમાં બનાવટી સહી કરવામાં આવી હતી. આ મામલે ટ્રુથ લેબ્સ ઇન્ડિયાનો સ્વતંત્ર ફોરેન્સિક રિપોર્ટ પણ મેળવવામાં આવ્યો હતો. જેમાં વિવાદિત દસ્તાવેજ પરની સહી લોકનાથ ગંભીર તથા તેમની પત્નીની ન હોવાનું નિષ્કર્ષ આપવામાં આવ્યું હોવાનું જણાવાયું છે. લોકનાથ ગંભીરે રજૂઆતમાં જણાવ્યું છે કે પોલીસ કમિશનર કચેરીએ મામલો DCB ક્રાઈમ બ્રાંચ પોલીસ સ્ટેશનને મોકલ્યો હતો, પરંતુ ગંભીર ગુનાની બાબત અને ફોરેન્સિક પુરાવા હોવા છતાં આજદિન સુધી FIR નોંધવામાં આવી નથી. તેમણે આક્ષેપ કર્યો છે કે આરોપીઓ પ્રભાવશાળી અને રાજકીય જોડાણ ધરાવતા હોવાથી પોલીસ કાર્યવાહીથી દૂર રહી રહી છે.

### ટ્રુથ લેબ્સના ફોરેન્સિક રિપોર્ટ પરથી સહી બનાવટી હોવાનું તારણ

લેટર ઓફ ઓથોરિટી ઉપર થયેલી સહીઓ મામલે લોકનાથ ગંભીર દ્વારા ટ્રુથ લેબ્સ ફોરેન્સિક સર્વિસ પાસેથી હસ્તાક્ષર નિષ્ણાંતનો અભિપ્રાય મેળવવામાં આવ્યો હતો. 07 માર્ચ 2026ના રોજ સંસ્થાને તપાસ સોંપવામાં આવી હતી અને જરૂરી દસ્તાવેજો સાથે ફરિયાદી તથા તેમની પત્નીની સ્પેસિમેન સહીઓ મોકલવામાં આવી હતી. 15 એપ્રિલ 2026ના રોજ આપવામાં આવેલા ફોરેન્સિક અભિપ્રાયમાં સ્પષ્ટ જણાવાયું છે કે લેટર ઓફ ઓથોરિટીમાં રહેલી સહીઓ ફરિયાદી તથા તેમની પત્નીની નથી. હસ્તાક્ષર નિષ્ણાંતોએ પોતાના રિપોર્ટમાં હસ્તાક્ષર નિષ્ણાંતોના રિપોર્ટના આધારે સહીઓ ફોર્જ્ડ, ફેબ્રિકેટેડ અને બનાવટી હોવાની શક્યતા દેખાય છે. સાથે જ નોંધવામાં આવ્યું છે કે સહીઓમાં રહેલા તફાવતો ઠોસ અને પર્યાપ્ત છે તથા તે કુદરતી ફેરફાર ગણાવી શકાય તેમ નથી.

### FIR નોંધવામાં થતા વિલંબથી પુરાવા સાથે ચેડાં થવાનો ભય

ફરિયાદમાં વધુમાં જણાવાયું છે કે FIR નોંધવામાં થતા વિલંબને કારણે પુરાવા સાથે ચેડાં થવાની અને તપાસને અસર પહોંચાડવાની શક્યતા વધી રહી છે. લોકનાથ ગંભીરે PMO સમક્ષ માંગણી કરી છે કે ફરિયાદના આધારે તાત્કાલિક FIR નોંધાવવા સૂચના આપવામાં આવે, નિષ્પક્ષ અને સમયબદ્ધ તપાસ માટે યોગ્ય દેખરેખ રાખવામાં આવે. તેમણે જણાવ્યું કે સ્થાનિક સ્તરે તમામ ઉપાયો અજમાવ્યા બાદ અંતિમ વિકલ્પ તરીકે PMOનો દરવાજો ખખડાવવો પડ્યો છે.

### અરજી મામલે રમેશ જુનેજા અને તેમના પુત્રનો સંપર્ક થઈ શક્યો નહીં

પોલીસ કમિશનરને કરવામાં આવેલી અરજી સંદર્ભે સમગ્ર પ્રકરણ અંગે અરજીમાં દર્શાવવામાં આવેલા નંબર પર રમેશ જુનેજાનો સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. જોકે તેમનો મોબાઇલ ફોન સ્વીચ ઓફ આવતાં તેમની સાથે વાતચીત થઈ શકી નહોતી. ઉપરાંત વોટ્સએપ કોલ મારફતે પણ સંપર્ક કરવાનો પ્રયાસ કરાયો હતો, પરંતુ તેમણે કોલ રિસિવ કર્યો નહોતો. અરજીમાં તેમના પુત્ર નમન જુનેજા સામે કરવામાં આવેલા આક્ષેપો અંગે તેમનો પક્ષ જાણવા માટે તેમનો પણ સંપર્ક કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો, પરંતુ તેમણે પણ ફોન રિસિવ કર્યો નહોતો.

# સુરતની બેંકોમાં પડેલા 1000 કરોડનો કોઈ દાવેદાર નથી

**કરોડોની** અનક્લેમ નાણાકીય સંપત્તિઓ માટે લેન્ડિંગ પોર્ટલ શરૂ કર્યું

**એક વર્ષમાં** ક્લેઇમ નહીં થાય તો રકમ આરબીઆઇમાં જમા થઇ જશે

સુરતઃ નાણાં મંત્રાલયના નાણાકીય સેવાઓ વિભાગ (DFS)એ દાવો ન કરાયેલ નાણાકીય સંપત્તિઓ (અન ક્લેમ પ્રોપર્ટીઝ, અન ક્લેમ મૂડી) સંબંધિત માહિતીની સરળ ઍક્સેસ સુનિશ્ચિત કરવા માટે PSB એલાયન્સના સહયોગથી વિકસાવવામાં આવેલ કોમન લેન્ડિંગ પોર્ટલ ફોર અનક્લેમ્ડ ફાઈનાન્શિયલ એસેટ્સ લોન્ચ કર્યું છે. https://www.unclaimedassetsportal.in પર ઉપલબ્ધ આ પોર્ટલ એક સંકલિત પ્લેટફોર્મ છે જે નાણાકીય ક્ષેત્રમાં દાવા વગરની બેંક થાપણો, વીમા દાવાઓ, શેર, ડિવિડન્ડ અને મ્યુચ્યુઅલ ફંડ્સ સંબંધિત શોધ સુવિધાઓની ઍક્સેસ પ્રદાન કરે છે. આ પોર્ટલ 29 મે, 2026 ના રોજ યોજાયેલી જાહેર ક્ષેત્રની બેંકોની સમીક્ષા બેઠક દરમિયાન નાણાકીય સેવાઓ વિભાગના સચિવ એમ. નાગરાજુ દ્વારા લોન્ચ કરવામાં આવ્યું હતું.

આ પહેલ નાણાકીય ક્ષેત્રના નિયમનકારો, બેંકો અને અન્ય હિસ્સેદારો સાથે સંકલનમાં નાણાકીય સેવાઓ વિભાગ દ્વારા શરૂ કરાયેલ રાષ્ટ્રવ્યાપી અભિયાન તમારી મૂડી, તમારા અધિકારો પર આધારિત છે, જેનો હેતુ દાવો ન કરાયેલ નાણાકીય સંપત્તિઓ વિશે જાગૃતિ લાવવા, તેમની શોધ અને પરત કરવાની સુવિધા આપવાનો છે.

...અનુસંધાન પાના 5 પર

### ગુજરાતની બેંકોમાં 3,500થી 5000 કરોડની રકમ અનક્લેમ

સુરત રાજ્યનું સૌથી મોટું વેપારી અને બેંકિંગ કેન્દ્ર હોવાથી ગુજરાતની કુલ અનક્લેમ જમા રકમનો મોટો હિસ્સો સુરતમાંથી હોવાની સંભાવના છે. બેંકિંગ વ્યવહારો, હીરા-ટેક્સટાઇલ ઉદ્યોગ અને મોટી વસતીને ધ્યાનમાં લઈ અંદાજે 1,000 કરોડથી વધુ અનક્લેમ ડિપોઝિટ સુરત જિલ્લાની વિવિધ સરકારી, ખાનગી અને સહકારી બેંકોમાં અથવા DEAF ફંડમાં ટ્રાન્સફર થયેલી હોઈ શકે છે. ગુજરાતમાં સરકારી બેંકિંગ માહિતી અનુસાર "આપકી પૂંજી, આપકા અધિકાર" અભિયાન દરમિયાન પણ જાહેર ક્ષેત્રની બેંકોમાં આશરે રૂ.2,836.80 કરોડની અનક્લેમ રકમ બાકી હોવાનું બહાર આવ્યું હતું. નિષ્ણાતો માને છે કે તેમાં ખાનગી બેંકો, સહકારી બેંકો, શહેરી સહકારી બેંકો અને અન્ય નાણાકીય સંસ્થાઓની રકમ ઉમેરવામાં આવે તો ગુજરાતમાં કુલ અનક્લેમ બેંક ડિપોઝિટ અંદાજે 3,500 કરોડથી 5,000 કરોડ વચ્ચે

...અનુસંધાન પાના 5 પર

અવસાન/શ્રદ્ધાંજલિની જાહેરાત ઘર બેઠા આપવા માટે સંપર્ક કરો
M.81539 99901
ગુજરાતમિત્ર

બીજી વાર્ષિક પુણ્યતિથીએ શ્રદ્ધાંજલિ



સ્વ. લલ્લુભાઈ મગનભાઈ પટેલ
સ્વ.તાઃ ૦૧/૦૬/૨૦૨૪

તમારૂં જીવન અમારી વચ્ચે નથી રહ્યું,
પરંતુ તમારી સ્મૃતિ હર હમેંશ અમારા હૈયે કોતરાયેલી રહેશે.
વિધિના કાળ ક્રમને અમો પામર માનવીઓ પામી શકતા નથી,
જ્યાં સુધી જીવીશું ત્યાં સુધી હરપળે તમને યાદ કરતા રહીશું.
ભગવાન આપના દિવ્ય આત્માને ચીર શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
ગં.સ્વ. લલીતાબેન લલ્લુભાઈ પટેલ (પત્ની)
નિલેશ લલ્લુભાઈ પટેલ (પુત્ર) કવિના નિલેશ પટેલ (પુત્રવધુ)
અજય લલ્લુભાઈ પટેલ (પુત્ર) હેતલ અજય પટેલ (પુત્રવધુ)
મિત પટેલ (પૌત્ર) વેન્સી પટેલ (પૌત્રી)
હર્ષિલ પટેલ (પૌત્ર) હીર પટેલ (પૌત્રી)
ગામ : ભેંસાણ, સુરત

નવમી પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ



સ્વ. અંકેશકુમાર પ્રકાશભાઇ પટેલ
સ્વ. તા. ૦૧/૦૬/૨૦૧૭

સમી સાંજની વેળામાં તુ યાદ બનીને આવે છે,
તારા મહેલી રાતમાં તુ યાદ બનીને આવે છે,
સવાર પડે પંખીનાં ચહકારમાં રણકાર બનીને આવે છે,
તારી હર એક યાદમાં સવાર શું ને સાંજ શું,
તુ હરપળ શ્વાસ બનીને યાદ આવે છે.
પ્રભુ આપના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના...

મનોજભાઈ ચીમનભાઈ પટેલ (મામા)
પ્રિતીબેન મનોજભાઈ પટેલ (મામી)
અંકુરકુમાર નટવરભાઈ પટેલ (જીજાજી)
શ્રેયા અંકુરભાઈ પટેલ (બેન)
રોનીલ મનોજભાઈ પટેલ (ભાઈ)
ધ્રુવાંશ અંકુરભાઈ પટેલ (ભાણેજ)
ફુવીલ (ભાઈલુ) અંકુરભાઈ પટેલ (ભાણેજ)
તથા સમસ્ત પટેલ ટિફીન પરિવાર
નિવાસસ્થાન : મંદિર મહોલ્લો, જીયાવ ગામ, સુરત.